# યુનિવર્સલ લૉ એટલે સર્વને સમાનરૂપે લાગુ પડતી બ્રમ્હાંડની સંચાલન વ્યવસ્થા

**સંકલન :- CA. જયેશ મોહનલાલ શેઠ. Website - www.jayeshsheth.com**

- મેં જે આપ્યું છે, તે જ મને મળે છે. હું બીજા માટે જે ઈચ્છીશ, તેવું જ મારી સાથે થશે.
- હું આત્મા છું. આ શરીર એ મને મળેલ ભૂમિકા (Role) છે. સામાન્યપણે, આપણને જેનું અત્યંત આકર્ષણ હોય છે તેવી જ ભૂમિકા આપણને મળે છે.
- મારી સાથે જે કાંઈ પણ થાય છે તે મારા ભૂતકાળનો અરીસો માત્ર જ છે. તે મારા પૂર્વકૃત કર્મોનું જ ફળ છે. મેં જે કાર્ય મન-વચન-કાયાથી ન કર્યું હોય, ન કરાવ્યું હોય, ન અનુમોદન કર્યું હોય તેવું કાર્ય મારી સાથે કદી નહીં બને.
- તેથી એક વાત તો નક્કી જ છે કે મારી સાથે ભૂતકાળમાં, વર્તમાનમાં અથવા ભવિષ્યમાં ક્યારેય અન્યાય થયો નથી, થતો નથી અને થશે પણ નહીં. આવી સમજણ થવાથી હું કોઈ પણ ફરિયાદ વગર (No Complaint Zoneમાં) જીવન જીવી શકીશ. મારી સાથે જે પણ થાય છે તે 'મારા' ભૂતકાળના કારણે જ થાય છે. તેથી 'મારી સાથે જ કેમ ?' એ પ્રશ્ન જ ઉદ્‌ભવતો નથી.
- હું મારું સદ્‌નસીબ (Good Luck) પુણ્ય કરીને અને મોટા પાપોનો (જુગાર, દારૂ, માંસાહાર, વેશ્યાગમન, ચોરી, શિકાર, વ્યભિચાર, કંદમૂળ ભક્ષણ, રાત્રિ ભોજન, અથાણા, મધ, અંજીર, માખણ વગેરે) ત્યાગ કરીને બનાવી શકું છું.
- આ સમીકરણ યાદ રાખવું: પાપ = દુ:ખ અને પુણ્ય = સુખ.
- આ વાત અવશ્ય યાદ રાખો: મારે દુ:ખમાંથી પણ ફાયદો લેતા શીખવાનું છે.
- હું અહિંયા કોઈ પણ શરત અથવા અપેક્ષા વગર આપવા જ આવ્યો છું. આ રીતે આપીને હું કાં તો મારૂં જૂનું દેણું (loan) ચૂકવી રહ્યો છું અથવા તો મારી નવી જમાપૂંજી (fixed deposit) બનાવી રહ્યો છું. બંને સંજોગોમાં ફાયદો મારો પોતાનો જ છે.
- મારે મારી ફરજ ઉત્તમ રીતે બજાવવાની છે. બીજા પણ એવું જ કરે તેવા આગ્રહ વગર. આપણે બધાએ આપણા કુટુંબ, મિત્રો, સહકર્મીઓ, સમાજ અને દેશ પ્રત્યેની આપણી ફરજ સર્વોત્કૃષ્ટ શક્તિ મુજબ બજાવવાની છે.
- આપણે આપણી જાત પ્રત્યે કડક અને બીજા પ્રત્યે ઉદાર/દયાળુ બનવાનું છે.
- 'મારી સાથે જે પણ થાય છે તે સારા માટે જ થાય છે' - એમ માનવું. જેથી આર્તધ્યાન-રૌદ્રધ્યાનથી બચી શકાય. નવા કર્મબંધથી બચી શકાય. આ સર્વોપરિ સકારાત્મકતાનો શ્રેષ્ઠ રસ્તો છે.
- લોકો સાથેના આપણા પ્રતિભાવો આ ચાર રીતના જ હોવા જોઈએ.

  ૧) **મૈત્રી** :- સર્વ જીવો સાથે કલ્યાણ મૈત્રી ચિંતવવી. તેથી આપણા કોઈ દુશ્મન નહીં રહે. બીજું, મિત્રોનું સારું (હિત) ઈચ્છવાથી પોતાનું હિત થશે. આ રીતે આપણું વર્તમાન અને ભવિષ્ય બન્ને સુધરી જશે.

  ૨) **પ્રમોદભાવ** :- બીજાના ગુણોની પ્રશંસા કરવાથી તે ગુણો પોતામાં ખીલતા જશે. અને બીજાના અવગુણો દેખાય તો તેનો ઉપયોગ પોતાના અવગુણો કાઢવામાં કરવો.

૩) **કરુણા :-** પાપીઓ પ્રત્યે કરુણા રાખવી. કારણ કે તેઓને બ્રમ્હાંડના નિયમોની ખબર નથી. તેનાથી આપણો મનોભાવ સારો રહેશે અને નવા કર્મ બંધથી બચી જઈશું.

૪) **મધ્યસ્થતા / કોઇ જ પ્રતિભાવ નહીં** :- જ્યારે કોઈ આપણને દુ:ખ આપે ત્યારે મૌન અને શાંત રહેવું અને હ્રદયમાં આભાર! સ્વાગતમ્ !(Thank you ! Welcome !)ના ત્રણ ચરણોનું ચિંતન કરવું.

**<u>પ્રથમ ચરણ:</u>** જે પાપનો ઉદય છે તેના કારણરૂપ પોતાના (તેવા) પૂર્વના (ભૂતકાળના) દુષ્કૃત્યો માટે ક્ષમા માંગવી. (Sorry! Sorry!)

**<u>બીજું ચરણ:</u>** નવા કર્મ બંધથી બચવા માટે નક્કી કરવું કે હવે હું આવું કદી નહીં કરું. (Never again)

**<u>ત્રીજું ચરણ:</u>** સામેવાળી વ્યક્તિને પોતાને સ્વચ્છ કરવાવાળી-ઉપકારી માનીને તેને મનમાં ધન્યવાદ આપવો (Thank you!). તેથી ગુસ્સો, અણગમો, નિરાશા વગેરે નહીં આવે. તેથી આપણી ખુશી જળવાશે કે જે સ્વાગતયોગ્ય વાત છે (Welcome!). આમ કરવાથી આપણે અન્યો પ્રત્યેના દ્વેષના-અણગમાના વિષચક્રમાંથી બચી જઈશું. નકારાત્મક વિચારોથી બચીને સકારાત્મક વિચારોમાં પ્રવૃત્ત રહી શકીશું.

❖ દરેકે પોતાની વૃત્તિમાં સમજણથી સકારાત્મક બદલાવ કરવાનો છે, દબાણથી નહીં. કારણ કે દબાણથી તો દુ:ખ-તનાવ-નિરાશા આવે છે. તેથી આ 'સહજ યોગ' છે, 'હઠ યોગ' નથી.

❖ દરેકે પોતાના શરીર અને મનનો ઉપયોગ મુક્તિ માટે કરવો જોઈએ. તેના માટે સર્વપ્રથમ સમ્યગ્દર્શન જરૂરી છે. તેથી આ જીવનનું પહેલું ધ્યેય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ જ હોવું જોઈએ. તેના માટે સૌથી પહેલા સાંસારિક ઈચ્છાઓનો ત્યાગ આવશ્યક છે. નહીં કે ઘર, પરિવાર, પૈસાનો ત્યાગ. પોતાની ઈચ્છા, અભિપ્રાય અને ગમા-અણગમાને દર બે કલાકે તપાસીને, તેનો ૧૨ અને ૪ ભાવનાથી મૂળમાંથી નાશ કરવાનો છે.

❖ સત્ય પોતાની અંદર જ છે. તેને શોધવા ક્યાંય બહાર જવાની જરૂર નથી.

❖ જેમણે સત્યનો અનુભવ કર્યો છે, તે જ બીજાને તે રાહ બતાવી શકે છે. આવી વ્યક્તિ કયારેય પોતાની જાતને દુનિયાની ઝાકમઝોળમાં લાવતી નથી. તેઓ પદ, પ્રસિદ્ધિ અને પૈસા પાછળ પડતા નથી.

❖ સમ્યગ્દર્શન (આત્મ સાક્ષાત્કાર) મેળવવા માટે પોતે સત્યનો સ્વીકાર કરવા (Ready to accept) અને તે સત્ય અનુસાર પોતાને બદલવા (Ready to change) માટે તૈયાર હોવા જોઈએ.

❖ પોતે પોતાની જાતને જ બદલવાની છે (જે સરળ છે) બીજાને નહીં કે જે અતિ કઠિન છે અને આક્રોશ, નિરાશા અને ઉદ્વેગનું કારણ પણ બને છે.

❖ હંમેશા યાદ રાખવું કે દરેક જીવ પાસે અનંત કાળ માટે રહેવાના બે જ વિકલ્પો છે. (૧) સિદ્ધાવસ્થા (અનંત સુખ) અને (૨) નિગોદ (અનંત દુ:ખ). તેથી દરેકે સિદ્ધાવસ્થા માટે જ પુરૂષાર્થ કરવો જોઈએ, અન્યથા નિગોદ તો કોઈ પણ પ્રયત્ન વગર (By default) મળવાની જ છે.

❖ પોતાની તુલના બીજા સાથે નથી કરવાની. પરંતુ પોતાની આજને મારે પોતાની જ ગઈકાલ સાથે સરખાવીને આજને સુધારવાની છે. તે જ દૈનિક પ્રગતિનો (Daily progress) માર્ગ છે.

❖ આ નિયમોને આખા દિવસ દરમ્યાન પ્રયોગમાં લાવવા અને રાત્રે સૂતા પહેલાં તેમાં જે ક્ષતિ થઇ હોય તેને તપાસીને ભવિષ્યમાં તે સુધારવાનો પ્રયત્ન કરવો.

- વિસ્તૃત સમજણ માટે, "સુખી થવાની ચાવી" અને "સમ્યગ્દર્શનની રીત" પુસ્તકનો અભ્યાસ કરવો.
- સંપર્ક – શૈલેશભાઈ – 9892436799